# સાયન્સ અને ટેક્નો.માં EDIIનું 4 વર્ષમાં 45,800 રોજગારીનું સર્જન

## EDII દ્વારા 2016-17માં 3.5 લાખ યુવાનોને તાલીમ અપાઈ

**Talk On Education**

સિટી રિપોર્ટર | અમદાવાદ

ઉદ્યોગ સાહસિકતાના શિક્ષણ, સંશોધન, તાલીમ અને સંસ્થાકીય નિર્માણ બાબતે દેશની અગ્રણી સંસ્થા આંત્રપ્રિન્યોરશીપ ડેવલપમેન્ટ ઈન્સ્ટિટ્યુટ ઓફ ઈન્ડિયા (ઈડીઆઈઆઈ) દ્વારા અપાયેલી તાલીમને પરિણામે છેલ્લાં ચાર વર્ષમાં સાયન્સ અને ટેક્નોલોજી ક્ષેત્રે 45,800થી વધુ રોજગારનું સર્જન થયું છે. ડિપાર્ટમેન્ટ ઓફ સાયન્સ એન્ડ ટેક્નોલોજી (ડીએસટી) - નેશનલ ઈમ્પલીમેન્ટીંગ એન્ડ મોનિટરિંગ એજન્સી ફોર ટ્રેનિંગ (એનઆઈએમએટી) પ્રોજેક્ટ અંતર્ગત ઈડીઆઈઆઈએ વર્ષ 2013-14થી વર્ષ 2016-17 દરમિયાન 3.5 લાખ યુવાનોને ઉદ્યોગ સાહસિકતાની તાલીમ આપી છે. આંત્રપ્રિન્યોરશીપ અવેરનેસ કેમ્પ, આંત્રપ્રિન્યોરશીપ ડેવલપમેન્ટ પ્રોગ્રામ (ઈડીપી), વુમન આંત્રપ્રિન્યોરશીપ ડેવલપમેન્ટ પ્રોગ્રામ (ડબલ્યુઈડીપી), ટેક્નોલોજી બેઝ્ડ આંત્રપ્રિન્યોરશીપ ડેવલપમેન્ટ પ્રોગ્રામ (ટીઈડીપી) અને ફેકલ્ટી ડેવલપમેન્ટ પ્રોગ્રામ (ઈડીપી) જેવાં પ્રોગ્રામ ડીએસટી-એનઆઈએમએટી પ્રોજેક્ટ હેઠળ ઈડીઆઈઆઈ દ્વારા હાથ ધરવામાં આવે છે. ભારત સરકારના નેશનલ સાયન્સ એન્ડ ટેક્નોલોજી આંત્રપ્રિન્યોરશીપ ડેવલપમેન્ટ બોર્ડને (એનએસટીઈડીબી) રજૂ કરાયેલા આંકડા અનુસાર ઈડીપી, ડબલ્યુઈડીપી અને ટીઈડીપી પ્રોગ્રામ હેઠળ અનુક્રમે 16,140, 10,860 અને 18,810 યુવાનોને રોજગારી મળી છે. આ અંગે ઈડીઆઈઆઈના ડિરેક્ટર ડૉ. સુનિલ શુક્લાએ જણાવ્યું હતું કે, 'સમાજના પાયાના વ્યક્તિ સુધી સાયન્સ અને ટેક્નોલોજી પહોંચે તે ખૂબ જ મહત્વપૂર્ણ છે. વિશ્વભરમાં ઝડપથી ટેક્નોલોજી ક્ષેત્રે પરિવર્તન આવી રહ્યું છે ત્યારે ભારતને એવા ટેક્નોપ્રિનિયર્સની જરૂર છે કે જેઓ મહત્વપૂર્ણ સમાજીક સમસ્યાઓના ઉકેલ માટે પાયાના સ્તરે પરિવર્તન લાવી શકે. ઈડીપી, ડબલ્યુઈડીપી અને ટીઈડીપી મારફતે અમે નાણાકીય સમાવેશીકરણના ઉદ્દેશ્યને હાંસલ કરવાનો તથા રોજગાર સર્જન માટે ભારત સરકારની પહેલને સહયોગ આપવા માગીએ છીએ.'

ઉલ્લેખનીય છે કે વર્તમાન નાણાકીય વર્ષમાં ઈડીઆઈઆઈએ 467 પ્રોગ્રામ (150 ઈડીપી, 105 ડબલ્યુઈડીપી અને 212 ટીઈડીપી) દ્વારા આશરે 14,000 રોજગારીનું સર્જન કરવાની તથા 1955 કેમ્પ્સ દ્વારા આશરે 1.46 લાખ યુવાનોને ઉદ્યોગ સાહસિકતા પ્રત્યે જાગૃત કરવાનું લક્ષ્ય રાખ્યું છે.